ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જાહેર શૌચાલયો સ્વીકાર્ય બને તો જ સ્વચ્છ ભારત સાચુ

ગાંધીનગરના કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવારમાંથી ૧ લાખ ૧૬ હજાર પરિવારો પાસે તેમના રહેણાંકમાં શૌચાલયની વ્યવસ્થા જ નથી અને આ પૈકી ૯૬ ટકા પરિવારો ખુલ્લામાં સંડાસ જાય છે. કુલ પરિવારોમાંથી ૧ લાખ ૧૧ હજાર પરિવારોનો આવા પરિવારોમાં સમાવેશ થાય છે. તો બીજી તરફ માત્ર ૪,૨૭૩ પરિવારો જ એવા છે કે જેમને ઘરમાં સંડાસની વ્યવસ્થા ન હોવાથી શૌચાલય અર્થે ઘર બહાર જવું પડે છે, પરંતુ તેઓ સાર્વજનિક શૌચાલયના ઉપયોગ કરે છે. એટલે જેમના ઘરે શૌચાલય સુવિધા નથી એ પૈકી માત્ર ચાર ટકા પરિવારજનો જ જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે.

એક તરફ સરકારે દરેક પરિવારને શૌચાલયની વ્યવસ્થા સાથેની વિવિધ યોજનાઓ પર




**દર વર્ષે ખુલ્લામાં સંડાસથી ૨ લાખ બાળકો કોલેરાગ્રસ્ત થાય છે**

ખાસ ધ્યાન આપ્યું છે તો બીજી તરફ એક મત એવો પણ છે કે મકાન ઉપરાંત સરકારે જાહેર શૌચાલયોનું નિર્માણ કરવું જોઈએ. પરંતુ આંકડાઓ એમ દર્શાવે છે કે જે લોકો ખુલ્લામાં શૌચ કરવા જાય છે તેમની વિચારસરણી બદલવી ખૂબ જરૂરી છે. અભ્યાસો એમ દર્શાવે છે કે ખુલ્લામાં સંડાસ કરવા જતા હોય તે પૈકી સ્ત્રી અને પુરૂષમાં પુરૂષો જલ્દી જાહેર શૌચાલયને સ્વીકારતા નથી. સ્ત્રીઓ, શૌચાલયનો સ્વીકાર ઝડપથી કરે છે. પુરૂષોમાં શૌચાલયના બદલે ખુલ્લામાં સંડાસ જવાનો વિચાર મૂળમાં સાંસ્કૃતિક પ્રશ્ન છે. એક તો પુરૂષ પ્રધાન માનસિકતા અને બીજું પરંપરા. આ ખોટી માન્યતા અને પરંપરા દૂર કરવાના પ્રયાસો કરવા જોઈએ. એક બાબત એ પણ છે કે જે ગ્રામીણ વિસ્તારોમાં શૌચાલય સુવિધા નથી ત્યાં સરકારી તંત્ર કે સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો સમજાવટ માટે જાય ત્યારે તેઓ જાણકાર અને બુદ્ધિશાળી છે એવું પ્રસ્થાપિત કર્યા વગર સહજતાથી ખુલ્લામાં શૌચનો પ્રશ્ન ઉકેલવા માટે પ્રયાસ કરે તો જ સારૂ પરિણામ આવી શકશે. શૌચાલય ક્રિયા માટે શૌચાલયનો ઉપયોગ કરવામાં આવે તો આરોગ્યની દૃષ્ટિએ પણ ઉત્તમ છે. એક અંદાજ મુજબ સમગ્ર ભારતમાં ખુલ્લામાં શૌચના કારણે દર વર્ષે ૨ લાખ જેટલા બાળકો કોલેરાનો ભોગ બને છે અને પ્રત્યેક ભારતીયને માથાદીઠ ૬૫૦૦ રૂ.નો ખર્ચ થાય છે. માત્રને માત્ર ખુલ્લામાં શૌચની પરિસ્થિતિના કારણે આટલું નાણાંકીય વેડફાટ થાય છે એ સમજવું અને ઉપયોગ ન કરતા હોય એવા પરિવારજનોને ખાસ સમજાવવા જેવું છે. ગ્રામીણ ગુજરાતમાં સરકારના પ્રયાસો અને વિવિધ વિભાગોના સંકલિત પ્રયાસો સારૂં પરિણામ લાવી રહ્યા છે એ સારી નિશાની છે. એની સરાહના કરવી જોઈએ.

ગાંધીનગરના સમગ્ર આંકડા જોતા કુલ ૪,૨૭૩ પરિવારો સાર્વજનિક શૌચાલયનો ઉપયોગ કરે છે અને એમાં પણ શહેરી વિસ્તારમાં વધુ ૨૭૬૪ પરિવારો છે જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૧૫૦૯ પરિવારો જ જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે. સવાલ એ છે કે આ પરિવારોને ઘરમાં સંડાસ ના હોવાથી ખુલ્લામાં જવું પડે છે, જો શરમ આવતી હોય તો ખુલ્લામાં શૌચાલયની આવવી જોઈએ. સાર્વજનિક શૌચાલયની કેમ ? એટલે જ શૌચ અંગે સોચ બદલવી પડશે, સૂત્રને સાર્થક કરવું પડશે.

# શહેરમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૮૨ ટકા સિદ્ધિ

**પ્રથમ દિવસે ૮૨ ટકા બાળકોને આવરી લેવાયા : મુખ્યમંત્રીના બંગલે રાજ્યકક્ષાના અભિયાનનો પ્રારંભ કરાવાયો : જ્યારે શહેર કક્ષાએ મનપા કમિશનરશ્રીએ પાલજ ખાતે વિધિવત્ અભિયાનનો આરંભ કરાવ્યો**




ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાનના આજના પ્રથમ દિવસે ૮૨ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યુ છે. ગત વર્ષ કરતાં બે ટકા જેટલા વધુ બાળકોનું કવરેજ આજે પ્રથમ દિવસે થયુ છે.

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાન માટે ૧૦૬ જેટલા બુથ ઉભા કરવામાં આવ્યા હતા. આ બુથો પર સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓની જાગૃતિને કારણે સારૂ એવી જાગૃતિ જોવા મળી હતી.

શરૂઆતમાં ધીમીગતિ પરંતુ ૧૦થી ૧૨ના ગાળા દરમ્યાન તેમાં વધારો જોવા મળ્યો હતો અને કવરેજ ૪૦ ટકાથી પણ વધુ જવા પામ્યુ હતુ. જોકે બપોરની ગરમીને કારણે આ પછી અભિયાનમાં થોડીક ગિરાવટ જરૂર આવી હતી પરંતુ ૪ વાગ્યા પછી તેમાં ગતિ આવી હતી.

તંત્રના અધિકારીઓ સતત દોડતા જોવા મળ્યા હતા. કેટલાક પદાધિકારીઓ પણ સ્વેચ્છાએ આ અભિયાનમાં જોડાયા હતા અને તેને પગલે લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરમાં આજે મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી ચારણે પાલજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે અભિયાનનો વિધિવત્ આરંભ કરાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય અધિકારી ડૉ. ગોસ્વામી સહિત આરોગ્યના અધિકારીઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

શહેરમાં ૨૮ હજારથી વધુ બાળકોના લક્ષ્યાંક સામે ૨૩,૫૦૦થી વધુ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. હવે પછી સોમવાર અને મંગળવારના રોજ છુટી ગયેલા બાળકોને ઘરે જઈ આવરી લેવામાં આવશે તેમ ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ.

આજે આ અભિયાન અંગે રાજ્યના આરોગ્ય તંત્રની એક ટીમ તેમજ WHO ની બે ટીમ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી અને તેઓ આ અભિયાન અંગે અલગથી રિપોર્ટ ફાઈલ કરશે તેમ જાણવા મળેલ છે.

શહેરમાં ટ્રાન્ઝીટ પોઈંટ પર રસીકરણ અભિયાન માટે લોકોએ સારો પ્રતિસાદ આપતાં તંત્રના ઉત્સાહમાં વધારો થયો હતો.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૯૩ ટકા બાળકો આવરી લેવાયા

**જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પ્રજાએ જાગૃતિ દાખવી : દહેગામમમાં સૌથી વધુ પછી ગાંધીનગર બીજા ક્રમે, કલોલમાં સૌથી ઓછુ કવરેજ**

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનમાં ૯૩ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ૮૦૦થી વધુ બુથ ઉભા કરવામાં આવ્યા હતા. આજે આ અભિયાન દરમ્યાન ગાંધીનગર તાલુકામાં ૯૪ ટકા, દહેગામ તાલુકામાં ૯૪.૪૨ ટકા, માણસા તાલુકામાં ૯૩.૭૦ ટકા અને કલોલમાં ૯૨.૨૬ ટકા બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા ૧,૯૦,૫૯૪ બાળકો સામે ૧,૭૮,૩૩૦ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. હવે પછી સોમવાર અને મંગળવાર દરમ્યાન છુટી ગયેલા બાળકોને તંત્રની ટીમો ઘરે જઈ રસીકરણ કરશે.

ગ્રામ્ય વિસ્તારમાં શરૂઆતમાં જ સારો પ્રતિસાદ અભિયાનનો જોવા મળ્યો હતો. પ્રથમ બે કલાકમાં જ ૨૩ ટકા જેટલા બાળકોને આવરી લેવાયા હતા.

જોકે કલોલ, માણસા તેમજ દહેગામના કેટલાક વિસ્તારમાં નબળુ કવરેજ મોનીટરીંગ દરમ્યાન જણાતાં તંત્રના અધિકારીઓ દોડ્યા હતા અને ત્યાં જઈ આશા કાર્યકરો તેમજ આંગણવાડી કાર્યકરોને મોકલી કવરેજ સુધારણાના પગલાં લેવાયા હતા.

બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૫૦ ટકા જેટલુ કવરેજ થઈ ગયુ હતુ. જોકે આ પછી બે વાગ્યા સુધીમાં ૭૦ ટકાથી પણ વધુ બાળકોને આવરી લેવામાં સફળતા મળી હતી. બપોર પછી અભિયાનમાં થોડીક રૂકાવટ આવી હતી. જોકે ૯૩ ટકા જેટલા બાળકોને પ્રથમ દિવસે જ અભિયાનમાં આવરી લેવામાં સફળતા મળી હતી.

ગત વર્ષની તુલનામાં ૧ ટકા જેટલો વધારો થયો છે. જોકે હવે પછી બે દિવસ દરમ્યાન છુટી ગયેલા બાળકોને આવરી લેવામાં આવશે.

જિલ્લામાં અભિયાનના મોનીટરીંગ માટે તાલુકાવાર અધિકારીઓ નિયુક્ત કરાયા હતા. આજે ઉૐની ટીમે પણ અભિયાનની સમીક્ષા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરી અને કરી હતી. મળતી વિગતો પ્રમાણે કલોલમાં ઓછુ કવરેજ થયુ છે. જ્યારે સૌથી વધુ કવરેજ દહેગામ તાલુકામાં થવા પામ્યુ છે.

# આજોલની મહિલાને સ્વાઈન-ફલુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળી આવ્યો છે. જિલ્લામાં આ સાથે કુલ કેસોની સંખ્યા ૩૫ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે આજોલની એક મહિલાને આજે સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લામાં નોંધાયેલ કેસો પૈકી ૩૦ દર્દી સંપૂર્ણ રોગમુકત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ પાંચ દર્દી સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ છે. જયાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ તાલુકાના સાંપામાં પણ સ્વાઈન ફલુનો કેસ મળ્યો હોવાની વાતો જોરશોરથી લોકજીભે ચર્ચાઈ રહી છે. જો કે તંત્ર એ આ અંગે કોઈ ઉલ્લેખ કર્યો નથી. જિલ્લામાં સ્વાઈન ફલુના કેસો વધી રહ્યા છે અને તંત્ર એ પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી ઝડપી નિદાન માટે તબીબી અધિકારીઓને સૂચનાઓ જારી કરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોમાં આ વખતે મહિલા દર્દીઓની સંખ્યા વધુ જણાઈ છે જે તંત્ર માટે ચિંતાનો મુદ્દો બની છે.

# પ્રાથમિક શાળાની પરીક્ષા માટે તંત્ર અવઢવમાં

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લામાં પ્રા. શાળાઓમાં પરીક્ષાઓ ક્યારે યોજવી તેને લઈ અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે. એક તબક્કે ૧૫મી એપ્રિલથી આ પરીક્ષાઓ યોજવાની વિચારણા હાથ ધરાઈ હતી પરંતુ ચૂંટણીની તારીખોને લઈ તંત્ર તેને આખરી કરી શક્યુ ન હતુ. મળતી વિગતો પ્રમાણે આ સપ્તાહમાં પરીક્ષાઓ ક્યારે યોજવી તે અંગેનો નિર્ણય લેવાઈ જશે. સરકારે ગત વર્ષથી જ રાજ્યના તમામ જિલ્લાઓમાં એક સાથે પરીક્ષા યોજવાનો નિર્ણય કરી અમલવારી શરૂ કરેલ છે.

હવે લોકસભાની ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે એટલે ૧૦મી એપ્રિલની આસપાસથી આ પરીક્ષાઓ શરૂ થશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે ચૂંટણી માટેની તાલિમો અને બધી સ્થિતિ જોયા પછી તારીખો નિયત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે ૧૫-૧૬ માર્ચના રોજ ધો. ૨ ની યોજાયેલ નિદાન કસોટી-૨ યથાવત હોવાનું જાણવા મળેલ છે. ચૂંટણીના દિવસોમાં તંત્ર ક્યારે પરીક્ષાઓ નિયત કરે છે તેના પર સૌની નજર છે.

# ગાંધીનગરમાં ઉનાળાનો અહેસાસ

**શહેરમાં ગરમીની શરૂઆત : મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી : ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૩ ડિગ્રી ઉંચકાયુ : લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડાથી વધુ તફાવત : બપોરે અંગ દઝાડતી ગરમીથી ઓફિસ અને ઘરોમાં પંખા અને એ સી ધમધમતા થયા**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં શિયાળીની શીત લહેર અદ્રશ્ય થઈ રહી છે. જયારે ધીમે ધીમે આકરી ગરમીના દિવસો હવે નજીકમાં જ છે તેનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. આજે સવારથી જ નગરજનો વાતાવરણમાં ગરમીનો અહેસાસ કરી રહ્યા હતા. ગરમીનો પારો આજે ૩ ડિગ્રી ઉંચકાતા નગરજનોએ દિવસે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. નગરજનોએ ઉનાળો શરૂ થઈ ગયો હોવાનો અહેસાસ કર્યો હતો. ઓફિસ અને ઘરોમાં પંખા અને એ સી ધમધમતા થઈ ગયા છે. વહેલી સવારે અને મોડીરાત્રે ગુલાબી ઠંડકના લીધે બેવડી ઋતુનો પ્રભાવ હજુ પણ વાતાવરણમાં વર્તાઇ રહ્યો છે. જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. મહત્તમ તાપમાન આજે ૩૪.૨ ડિગ્રી એ પહોંચી ગયુ હતુ.



ગાંધીનગરમાં શિયાળાની શીત લહેર ધીમે ધીમે અદ્રશ્ય થતાં મોસમનો મિજાજ બદલાયો છે. ફાગણની પ્રસરાતી ફોરમ વચ્ચે ગરમીએ પણ માથુ ઉંચક્યુ છે. દિવસનો તાપ હવે આકરો બન્યો છે. મોડી રાત્રિના તેમજ વહેલી સવારે હજુ પણ ગુલાબી ઠંડીની અસર વર્તાય છે. આવા સંજોગોમાં નગરજનો બેવડી ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. નગરજનો બેવડી ઋતુથી પ્રભાવિત છે. જેના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન પણ ૩ ડિગ્રી વધ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૫ ડિગ્રી ઉપર રહે છે. જેના લીધે દિવસે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પ્રતિદિન ૨ થી ચાર ડિગ્રીની ચઢઉતર વચ્ચે નગરજનો વાતાવરણમાં ઠંડી ગરમીનો અહેસાસ અનુભવી રહ્યા છે. ગરમીનો પારો ઉંચે ચઢતા લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળી રહ્યો છે. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન પણ ૨ ડિગ્રી ઘટયુ હોવાથી ઠંડીનુ પ્રમાણ વધ્યુ હતુ. પરંતુ તેની સામે ગરમીનો પારો પણ ૩ ડિગ્રી ઉંચકાયો હતો. ઉનાળાની ધીમી શરૂઆત થતા શહેરના જનજીવન પર બદલાતા મોસમના મિજાજની અસર વર્તાઇ રહી છે. દિવસે આકરી ગરમી પડવાનુ શરૂ થતા ઓફિસ અને ઘરોમાં હવે પંખા અને એ સી

● અનુસંધાન પાન-૭ પર

# જવાહર ચાવડાને પ્રવાસન અને મત્સ્યોદ્યોગ વિભાગ ફાળવાયા

**મંત્રી યોગેશ પટેલને શહેરી ગૃહ નિર્માણ અને ધર્મેન્દ્રસિંહને અન્ન અને નાગિરક પુરવઠા વિભાગની જવાબદારી સોંપાઇ**

ગાંધીનગર, તા.૧૦

રૂપાણી સરકારના ગઈકાલે મંત્રીમંડળના વિસ્તરણ બાદ અને નવનિયુકત ત્રણ પ્રધાનોને આજે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા વિધિવત્ રીતે ખાતાઓની ફાળવણી કરી દીધી છે. જેમાં કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાયેલા અને સીધા કેબીનેટ મીનીસ્ટર બનાવાયેલા જવાહર ચાવડાને પ્રવાસન અને મત્સ્યોદ્યોગ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. જયારે મંત્રી યોગેશ પટેલને નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા તથા કુટિર ઉદ્યોગ રાજયકક્ષા વિભાગની ફાળવણી કરવામાં આવી છે. તો, રાજયમંત્રી વાસણભાઈ આહીરને પ્રવાસન વિભાગનો રાજયકક્ષાનો વધારો હવાલો તેમના હાલના વિભાગ ઉપરાંત સોંપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિ.ના અધ્યક્ષ તરીકે વાઘોડિયાના ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવની નિમણૂંક કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

# મહેસુલી કર્મચારીઓએ હડતાલ પાછી ખેંચી

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં લોકસભાની ચૂંટણી અંગેની તારીખો જાહેર થતાં જ આજથી અચોકકસ મુદતની હડતાલનું એલાન મહેસુલી કર્મચારીઓએ પાછુ ખેંચ્યું હોવાની જાહેરાત કરી છે.

લડત સમિતિના કન્વીનર વિરમ દેસાઈએ આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું છે કે માસ સી.એલ.નો કાર્યક્રમ સફળ બનાવવા માટે તમામનો આભાર પણ ચૂંટણીની મહત્વની કામગીરીને ધ્યાને રાખી હાલ આંદોલન મોકુફ રાખવામાં આવેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

પ્રમોટર : અર્બુદા બ્રિક્સ (AB) (Since : 1979)
વિજય પેટ્રોલ પંપ (HP) સેક્ટર-૧૧
શુકન ફાર્મ & પાર્ટી પ્લોટ


મેરેજ
ગરબા નાઈટ
રીસેપ્શન
રીંગ સેરેમની
સંગીત સંધ્યા
બર્થડે પાર્ટી
બુકીંગ ચાલુ છે.
આકર્ષક પેકેજીસ
ડેકોરેટીવ એન્ટ્રી, ડીઝાઈનર થીમ સ્ટેજ A/C વર કન્યા રૂમ
૫૦૦૦ થી વધુ મહેમાનોની કેપેસીટી વિશાળ કાર પાર્કીંગ
ક-૭ સર્કલ, વસંતવગડાની સામે, ગાંધીનગર-માણસા રોડ, ગાંધીનગર
99989 73875, 98989 88585
98250 27675, 98252 20975

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com